**તા. ૯/૦૨/૨૦૨૪ આદિત્ય સત્સંગી (California U.S.A Online Seminar Speech)**



- Mythology એટલે સંસ્કૃત ભાષામાં મિથ્યા અને logy એટલે અભ્યાસ થાય છે. એટલે મિથ + સત મિથ-કાલ્પનિક, Mythology એટલે કાલ્પનિક અભ્યાસ અથવા વિજ્ઞાન થાય.
- યુરોપના દેશો એવુ માનતા કે હિંદુઓના શાસ્ત્રો રામાયણ મહાભારત કાલ્પનિક છે. ભારતનો ઇતિહાસ કાલ્પનિક છે. પણ છતા તેઓ તેનુ અનુકરણ કરતા થયા છે.
- રામાયણથી દુનિયાના દેશોની દિશા જાણવા મળે છે. ભારત વર્ષ દુનિયાની સફર કરાવે છે. અયોધ્યાથી લંકા સુધી પહોંચતા દુનિયાના દેશોની સફર થાય છે.
- મહાભારત આપણને શીખવે છે કે આજના યુગમાં કેવી રીતે માણસે જીવવું જાઇએ? પરિવારમા કેવી રીતે માણસે જીવવું જોઇએ? પરિવાર કેવી રીતે ચલાવવો? તથા રાષ્ટ્રધર્મ અને કર્તવ્યનું પાલન કરતા શીખવે છે.
- પશ્ચિમના દેશોમાં સંસ્કૃતિ અને ધર્મને અલગ ગણવામા આવે છે. ધર્મ આપણને પ્રેરિત કરે છે.
- હિમાલયથી હિન્દ મહાસાગર સુધી ભારત વર્ષ વિસ્તરેલું છે.
- જે દેશને પોતાનો ઇતિહાસ યાદ નથી તે પ્રગતિ કરી શકે નહિ વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી કરી તેના સંતોષકારક જવાબ મળ્યા.

---

**તા. ૨૪/૦૬/૨૪ : રાજ કરમોકર**



જીવનમાં અનેક સંઘર્ષ કરી સફળતા સુધી પહોંચ્યા. ધો.૯ માં નપાસ થયા. શાળા બદલી. ગ્રેસ સાથે ધો.૧૦ની પરીક્ષા પાસ કરી. અભ્યાસમાં ધ્યાન ન હોવાથી ધો.૧૨માં નપાસ થયા. તેમને જીમનો શોખ હતો.

રોજ જીમમાં જતા. ત્યારબાદ ત્યાં નોકરી મેળવી. કોરાનાને કારણે જીમ બંધ થઇ ગઇ. આર્થિક તંગી ઊભી થઇ. ઘરનું વાતાવરણ પણ તંગ થઇ ગયું. ત્યારબાદ જીમ ક્ષેત્રે આગળ વધવાનુ નકકી કર્યુ. તેના સંદર્ભે મુંબઇ ટ્રેનિંગમાં ગયા. દર શનિ-રવિ મુંબઇ ટ્રેનિંગ માટે ટ્રાવેલ કરતાં. સોમ થી શુક્ર જોબ કરી, ચાર મહિનાનો કોર્ષ કર્યો. મહેનતને અંતે તે પરીક્ષામાં સફળ થયાં. સુરત Internship કરી અને ત્યારબાદ કલકત્તામાં પરીક્ષા આપી. Graduation માટે હેદરાબાદ (U.K. ની Branch) ગયા. સફળ થયા. U.S.A ના Visa મળ્યાં અને સંઘર્ષ અને મહેનત બાદ ક્રૂઝમાં જોબ મળી (કાર્નિવલ ક્રૂઝ) All Over India માંથી તેમની પસંદગી થઇ.

**વિદ્યાર્થીને માર્ગદર્શન :** તમારા રસના ક્ષેત્રમાં આગળ વધો. ખૂબ મહેનત અને સંઘર્ષ બાદ સફળતા મળે જ છે. નિષ્ફળતાથી નિરાશ થવુ નહિ પણ મહેનત કરતા રહેવું.

---

**તા. ૦૫/૦૭/૨૪ : રાજપૂત મુસ્કાન (ભૂતપૂર્વ વિદ્યાર્થીની )**



- **રાજપૂત મુસ્કાન દ્વારા ધો. ૧૨ અંગ્રેજી માધ્યમમાં (વર્ષ ૨૦૨૩-૨૪) ૮૮.૬૭% A2 ગ્રેડ** સાથે શાળામાં પ્રથમ ક્રમાંક મેળવવા માટે લેખન કરવું? એ અંગે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપ્યું.
- કોમર્સના વિષયોની સાથે ગુજરાતી, અંગ્રેજી અને કમ્પ્યુટર વિષયને પણ એટલુ જ મહત્વ આપવુ જોઇએ.
- વિદ્યાર્થીએ દરેક વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

  ૧. દરેક વિષયની પેપર પદ્ધતિનુ મૂલ્યાંકન કરવુ. ૨. વાંચન માટે પાઠયપુસ્તકને જ વધુ મહત્વ આપવું.
  ૩. સમયનુ આયોજન કરવું ૪. સ્વયંમ શિક્ષણ કરવાની ટેવ પાડવી.
  ૫. બોર્ડના પ્રશ્નપત્રોની પ્રેકિટસ કરવી.

---

**તા. ૦૮/૦૭/૨૪ રજનીકાંત રાવલ (Consultant of Bharuch District Co-Operative Bank)**



વિદ્યાર્થીઓના અભ્યાસમાં અને વ્યવહારુ જીવનમાં ઉપયોગી બને એ માટે દેશમાં પ્રવર્તમાન વિવિધ પ્રકારની બેંક જેવી કે સહકારી બેંક,સરકારી બેંક,ખાનગી બેંક,વિદેશી બેંક વગેરે... વિદ્યાર્થીઓને ખાસ કરીને સહકારી બેંકના મુખ્ય કાર્યો અને બેંકની વિવિધ સુવિધાઓ અને સગવડોથી માહિતગાર કર્યા ઉપરાંત સહકારી બેંકની વહીવટી કામગીરી અંગે સચોટ માર્ગદર્શન વિદ્યાર્થીઓને પૂરુ પાડવામાં આવ્યું.

**તા. ૦૮/૦૭/૨૪ હરદીપ ગોહિલ (Divisional Manager of IT Section)**

વિદ્યાર્થીઓને બેંકિંગ ક્ષેત્રમાં હાલમાં થઇ રહેલ બદલાવથી માહિતગાર કરવા Cashless Technology શું છે? કઇ રીતે કાર્ય કરે છે?એ વિશે જણાવ્યું.



આજના આધુનિક યુગમાં મોબાઇલ બેંકિંગનું મહત્વ શુ છે? એ વિદ્યાર્થીઓને સમજાવ્યું સાથે સાથે વધતા જતા Cyber Crime કેવી રીતે થાય છે? તેનાથી રક્ષણ મેળવવા કઇ કઇ બાબતો ધ્યાનમાં રાખવી?વગેરે જેવી માહિતી વિદ્યાર્થીઓને સાવચેત કર્યા.વિદ્યાર્થીઓને બેંકિંગ ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવવા માટેની તકોથી માહિતગાર કર્યા.

**તા. ૧૨/૦૭/૨૪ Mr. Ritesh Singh (Head Administrator of Industrial University)**

કોમર્સ અને સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓને ધો. ૧૨ પછી કયાં કોર્સ કરવાં? એ અંગે કારકિર્દી માર્ગદર્શન આપ્યું.



**તા. ૩૦/૦૭/૨૪ : સુનિલ નેવે (C.A) President of Rotary club, Ankleswar**

સુનિલ નેવે સર કે જે ભરૂચના પ્રતિષ્ઠિત C.A છે. જેમણે વિદ્યાર્થીઓને કોમર્સ આધારિત પ્રશ્નોત્તરી દ્વારા કોમર્સના ફિલ્ડનુ મહત્વ સમજાવ્યું.સાથે સાથે જણાવ્યુ કે C.A. બન્યા પછી પણ C.Aના ક્ષેત્રમાં આવનાર નવા ફેરફારો અંગે જ્ઞાનમાં વૃદ્ધિ કરતાં રહેવુ પડે કે જેથી હાલના હરીફાઇયુકત વ્યવસાયમાં ટકી શકાય.



**તા. ૩૦/૦૭/૨૪ : હીના નાયક (ટ્રેનર)**

હીના નાયક કે જે રોટરી કલબ ઓફ અંકલેશ્વરના સભ્ય છે કે જેમણે Unlock Leadership Potential and Master Communication Skills at RYLA અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવ્યુ કે વિદ્યાર્થીઓએ કોઇ પણ ક્ષેત્રમાં નિપુણતા મેળવી નેતૃત્વ કળાનો વિકાસ કરવો જોઇએ.તેમજ નેતૃત્વને સફળ બનવવા માટે Communication Skill વિકસાવવી જાઇએ.



**તા. ૨૨/૦૮/૨૪ : CS Muskan Purohit**
**(H.M. Shah Institute Pvt. LTD,Ahmedabad)**

વિદ્યાર્થીઓને કોમર્સના ક્ષેત્રમાં ઉચ્ચ કારકિર્દી મેળવવા વિવિધ પ્રકારના વ્યવસાયી કોર્સ બાબતે માર્ગદર્શન આપ્યુ.વિશેષમાં Company Secretary Professional Course નું મહત્વતા સમજાવ્યું.



**તા. ૧૮/૦૯/૨૪ : જયેશ કાપડિયા (પૂર્વ મામલતદારશ્રી, સુરત)**

મહેમાન દ્વારા રુચિ અને એકાગ્રતા વિદ્યાર્થીઓને વ્યાખ્યાનમાં જળવાઇ રહે એ માટે ધ્યાન કરાવ્યું.વિદ્યાર્થીઓને પોતાના જીવનના પ્રેરણાદાયી બનાવો દ્વારા સચોટ માર્ગદર્શન આપતા જણાવ્યુ કે સામાન્ય કક્ષાનો વિદ્યાર્થી પણ અથાગ મહેનત દ્વારા ધાર્યુ.પરિણામ હાંસલ કરી શકે છે.

**તા. ૨૨/૧૦/૨૪ : શ્રીમતી રાણી લોકેન્દ્ર શર્મા (Ph.D. Psychology, AIBAS, Lucknow)**

વિદ્યાર્થીઓને જીવંત ઉદાહરણો દ્વારા તેમના માઇન્ટ સેટ કર્યા અને ભણતરમાં કેવી રીતે પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવું તેની માહિતી સરળતાથી સમજાવી શકયા.



પોતાના માટે ભણવાથી લઇને સામાન્ય વ્યકિતથી કંઇક ખાસ વિશિષ્ટ કઇ રીતે બનવું તેના સફરમાં લઇગયા.પોતાનું વ્યકિતત્વ સરળતાથી વ્યકત કરી પોતાનું ભણતર હોસ્ટેલમાં રહી કેવી રીતે પૂર્ણ કર્યુ તેની ચર્ચા નિખાલસ પણે સરળતાથી અને સહેલાઇથી મૂકી શકયા.તેમના જણાવ્યા પ્રમાણે હંમેશા પ્રવૃતિમાં રહેવું. જેવુ વિચારશો તેવુ કરશો.તે તેમનું માનવુ હતું.તેઓએ પોતાની જાત અને પોતાને મહત્વ આપવા માટે જણાવ્યું હતું.



**તા. 23-01-2025 : Ho. Mr. Krunal G. Shah (Senior Career Counselor of Asst. Prof at Vidhyadeep University)**

**વિષય : તૈયારી જીત કી :** ટોપર વિદ્યાર્થીઓ દરેક વિષયમાં ૧૦૦ માથી ૧૦૦ માર્કસ લાવી શકતા હોય છે. પણ એ કદી સાચુ બોલતા હોતા નથી. અમુક વિદ્યાર્થીઓ વાંચન કરવા માટે બેસે છે પણ ચિત એકાગ્ર રાખીને ધ્યાનપૂર્વક વાંચન કરી શકતા નથી.જેથી એમને યાદ રહેતુ નથી. જેથી તેઓ સારુ પરિણામ મેળવી શકતા નથી. અત્યારનાં સમયમાં પુરે પુરો સમય આપીને મહેનત કરીએ તો સારામાં સારુ પરિણામ લાવી શકાય છે.મનમાં એક ધ્યેય નકકી કરેલો હોવો જોઇએ તો દરેક કામમાં સફળતા મેળવી શકાય છે.નિયમોને આધીન રહીને કાર્ય કરીએ તો અચૂક સફળતા મેળવી શકાય છે. વર્તમાનની મહેનત ભવિષ્ય ઉજળું બનાવે છે.